# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 25 લાખ વધારાના LPG કનેક્શન આપવાનો સરકારનો નિર્ણય.
2. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે , સ્ટાર્ટ અપ પ્રધાનમંત્રીના માઇન્ડ ટૂ માર્કેટના મંત્રને ચરિતાર્થ કરશે.
3. ઉત્તર પ્રદેશ સરકારે પોલીસ રેકોર્ડમાં જાતિ આધારિત રાજકીય રેલીઓ , જાહેર પ્રદર્શનો અને જાતિ સંબંધિત પ્રતિકો પર પ્રતિબંધ મૂક્યો
4. રશિયાના રાષ્ટ્રપતિએ અમેરિકા સાથેના આગામી ફેબ્રુઆરીમાં સમાપ્ત થઈ રહેલા પરમાણુ શસ્ત્ર મર્યાદા કરારને વધુ એક વર્ષ માટે લંબાવવાની તૈયારી દર્શાવી.
5. મહિલા ચેસ વર્લ્ડ કપ ચેમ્પિયન દિવ્યા દેશમુખની FIDE વર્લ્ડ કપ માટે વાઇલ્ડ કાર્ડ એન્ટ્રી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# GOVT GAS CYLINDER

સરકારે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 25 લાખ વધારાના LPG કનેક્શન આપવાનો નિર્ણય લીધો છે. નવરાત્રીના પહેલા દિવસે મહિલા લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકારનું આ પગલું તેમને આ પવિત્ર તહેવારનો આનંદ તો આપશે જ , પરંતુ મહિલા સશક્તિકરણ માટેના સંકલ્પને પણ મજબૂત બનાવશે.

મીડિયા સાથે વાત કરતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ માહિતી આપી કે સરકાર 25 લાખ નવા LPG કનેક્શનના દરેક કનેક્શન પર બે હજાર રૂપિયાથી વધુ ખર્ચ કરશે. તેમણે કહ્યું કે આ વિસ્તરણ સાથે , ઉજ્જવલા પરિવારના સભ્યોની સંખ્યા 10 કરોડ 58 લાખ થશે.

શ્રી પુરીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાતરી કરી છે કે બધી મહિલાઓને સ્વચ્છ રસોઈ બળતણ સરળતાથી ઉપલબ્ધ થાય.

. . . . . . . . . . . .

# AMIT SHAH START UP

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદને ખૂલ્લી મુકી. આ પ્રસંગે સંબોધન કરતાં , શ્રી શાહે કહ્યું, દેશમાં ગત એક દાયકામાં સ્ટાર્ટ –અપ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે , જેના પરિણામે ભારત આજે વિશ્વની ત્રીજી સૌથી મોટા સ્ટાર્ટ-અપ માળખું બન્યો છે. શ્રી શાહે સ્ટાર્ટ-અપ વ્યવસ્થાને નવા ભારતના કરોડરજ્જૂ સમાન ગણાવી હતી. તેમણે આગામી ત્રણ વર્ષમાં યુવાશક્તિના બળ પર ભારત ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં ટોચના દસ દેશોમાં સ્થાન પામશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

(બાઈટઃ અમિત શાહ) સ્ટાર્ટઅપ

શ્રી શાહે કહ્યું કે , ગત 11 વર્ષમાં સ્ટાર્ટઅપની સંખ્યામાં વધારા સાથે નાના શહેરો સુધી અને સમાજના વિવિધ વર્ગ સુધી સ્ટાર્ટઅપની પહોંચ સુનિશ્ચિત થઈ છે. તેમણે કહ્યું, દેશમાં 10 વર્ષમાં 17 લાખ 90 હજારથી વધુ લોકોને સ્ટાર્ટ-અપ દ્વારા રોજગારી મળી છે. આ પ્રસંગે શ્રી શાહે ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને યુવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા હાકલ કરી હતી અને યુવા ઉદ્યોગ સાહસિકોને કૃષિ પ્રવાસન સહિતના ક્ષેત્રોમાં સ્ટાર્ટ અપ શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

(બાઈટ – અમિત શાહ) મંત્ર

રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા યોજાઈ રહેલી આ બે દિવસીય પરિષદમાં એક હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ, 5 હજાર ઇનોવેટર્સ, 100 ઉદ્યોગ માર્ગદર્શક સહિતના લોકો ભાગ લઈ રહ્યા છે. તેના ભાગરૂપે યોજાઈ રહેલા પ્રદર્શનમાં 20 રાજ્યના 170થી વધુ સ્ટાર્ટઅપ્સ પણ પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે.

,

. . . . . . . . . . . .

# UP-NO CASTE DISPLAY

ઉત્તર પ્રદેશ સરકારે પોલીસ રેકોર્ડમાં જાતિ આધારિત રાજકીય રેલીઓ , જાહેર પ્રદર્શનો અને જાતિ સંબંધિત પ્રતીકો પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારે તેને જાહેર વ્યવસ્થા અને રાષ્ટ્રીય એકતા માટે ખતરો ગણાવ્યો હતો. કાર્યકારી મુખ્ય સચિવ દીપક કુમાર દ્વારા તમામ જિલ્લા અધિકારીઓ , સચિવો અને પોલીસ વડાઓને જારી કરાયેલ આ નિર્દેશ, અલ્હાબાદ વડી અદાલતના 16 સપ્ટેમ્બરના આદેશને અનુસરે છે.

અદાલતે અવલોકન કર્યું કે પોલીસ સ્ટેશનોમાં નોટિસ બોર્ડ ઘણીવાર આરોપીઓની જાતિ દર્શાવે છે કેટલાક સાઇનબોર્ડ જાતિનો મહિમા કરે છે અને ચોક્કસ ભૌગોલિક વિસ્તારોને જાતિ આધારિત વિસ્તારો અથવા વસાહતો તરીકે જાહેર કરે છે.

અદાલતે સરકારને આવા ચિહ્નો દૂર કરવા અને ઑનલાઇન જાતિ આધારિત સામગ્રી સામેના નિયમો મજબૂત બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આદેશમાં જણાવાયું છે કે સરકાર જાતિ આધારિત ભેદભાવને દૂર કરવાનો હેતુ ધરાવે છે.

. . . . . . . . . . . .

# RAJNATH-TRADE-MOROCCO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રબાતમાં મોરોક્કોના વેપાર મંત્રી રયાદ મેઝૌર સાથે મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યુ હતું કે શ્રી મેઝૌરે ભારત અને મોરોક્કો વચ્ચે ઔદ્યોગિક સહયોગને વધારવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

મંત્રાલયે ઉમેર્યું કે ચર્ચાઓ સંરક્ષણ , ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણો સહિતના મુખ્ય ક્ષેત્રોમાં ભાગીદારીને ગાઢ બનાવવા પર કેન્દ્રિત હતી.

. . . .

# 71 ST NATIONAL FILM AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે. શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર હિન્દી ફિલ્મ 12મી ફેલને અને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર કથલને આપવામાં આવશે.

શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર શાહરૂખ ખાનને જવાન માટે અને વિક્રાંત મેસીને 12મી ફેલ માટે સંયુક્ત રીતે આપવામાં આવશે. અભિનેતા , દિગ્દર્શક અને નિર્માતા મોહનલાલને વર્ષ 2023 માટે પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્ત થશે.

સાંભળીએ એક અહેવાલ.....

(વોઈસ કાસ્ટ - શિવાન)

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# INDIA NAVAL-SRI LANKA

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી શ્રીલંકા સાથે સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવાના હેતુથી ચાર દિવસની સત્તાવાર મુલાકાતે કોલંબો પહોંચ્યા છે. તેમણે ગઈકાલે શ્રીલંકાના સેવા વડાઓ અને સંરક્ષણ સચિવ સાથે વાતચીત કરી હતી. એડમિરલ ત્રિપાઠી દરિયાઈ સુરક્ષા, તાલીમ અને ક્ષમતા વૃદ્ધિ પર કેન્દ્રિત ચર્ચાઓ માટે શ્રીલંકાના પ્રધાનમંત્રી ડૉ. હરિની અમરસુરિયા અને વરિષ્ઠ સરકારી નેતાઓને પણ મળશે.

તેઓ આવતીકાલે કોલંબોમાં ગેલ ડાયલોગ **2025** ના **12**માં સંસ્કરણમાં સંબોધન કરશે. નૌકાદળના નેતાઓ અને વ્યૂહાત્મક નિષ્ણાતોને એકત્ર કરતી આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં આ વર્ષે બદલાતી ગતિશીલતા હેઠળ હિંદ મહાસાગરના દરિયાઈ દૃષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે.

. . . . . . . . .

# S.JAYSHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે અમેરિકાના ન્યૂયોર્કમાં **80**મા યુએન જનરલ એસેમ્બલી સત્ર દરમિયાન યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે મુલાકાત કરી હતી. આ વર્ષે બંને નેતાઓ વચ્ચે આ ત્રીજી રૂબરૂ મુલાકાત છે. તેમની છેલ્લી વાતચીત પહેલી જુલાઈના રોજ વોશિંગ્ટનમાં ક્વાડ ફોરેન મિનિસ્ટર્સની મીટિંગ દરમિયાન થઈ હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે આ મીટિંગમાં વર્તમાન ચિંતાના દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષોની વાતચિત પ્રગતિમાં છે..

. . . . . . . . . . .

# UNGA- WORLD LEADERS

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્રની ઉચ્ચ-સ્તરીય ચર્ચા આજથી શરૂ થશે.સામાન્ય સભામાં ચર્ચાની શરૂઆત સૌપ્રથમ બ્રાઝિલ કરશે , ત્યારબાદ યજમાન દેશ તરીકે અમેરિકા તેમાં ભાગ લેશે.

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પ સભામાં મુખ્ય ભાષણ આપે તેવી શક્યતા છે. પેલેસ્ટાઇનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સભાને સંબોધિત કરશે, જ્યારે ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ શુક્રવારે સંબોધન કરશે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી પણ વિશ્વના નેતાઓ સાથે સામાન્ય ચર્ચા અને દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સામાન્ય સભામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

. . . . . . . . . . . . . . . . .

# RUSSIA-NEW START

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકા સાથેના આગામી ફેબ્રુઆરીમાં સમાપ્ત થઈ રહેલા પરમાણુ શસ્ત્ર મર્યાદા કરારને વધુ એક વર્ષ માટે લંબાવવાની તૈયારી દર્શાવી છે. તેમણે અમેરિકને આ કરારનું પાલન કરવા અપીલ કરી છે.

શ્રી પુતિને કહ્યું કે **2010**માં હસ્તાક્ષર કરાયેલા ન્યૂ **START** કરારને સમાપ્ત થવા દેવાથી અસ્થિરતા વધશે અને પરમાણુ શસ્ત્રોના પ્રસારને વેગ મળી શકે છે. શ્રી પુતિને કહ્યું કે **5** ફેબ્રુઆરી, **2026** ના રોજ કરાર સમાપ્ત થયા પછી રશિયા વધુ એક વર્ષ માટે તેની મર્યાદાઓનું પાલન કરવા તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે ન્યૂ **START** કરાર પર તત્કાલીન અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને તત્કાલીન રશિયન રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારમાં દરેક દેશને **1550** થી વધુ પરમાણુ શસ્ત્રો, **700** મિસાઇલો અને બોમ્બર્સ તૈનાત કરવા સુધી મર્યાદિત કરવામાં આવ્યો હતો. કરારમાં પાલન ચકાસવા માટે સ્થળ પર નિરીક્ષણની પણ જરૂર છે.

જો કે કોવિડ રોગચાળાને કારણે **2020** માં નિરીક્ષણો બંધ કરવામાં આવ્યા હતા જે ફરી શરૂ થયા નથી. આ કરાર મૂળ **2021** માં સમાપ્ત થવાનો હતો , પરંતુ તેને બીજા પાંચ વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો.

. . . . . .

# FIDE

વર્તમાન FIDE મહિલા વર્લ્ડ કપ ચેમ્પિયન ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખને આગામી FIDE વર્લ્ડ કપ 2025 માટે વાઇલ્ડ કાર્ડ એન્ટ્રી આપવામાં આવી છે. આ સ્પર્ધા ૩૧ ઓક્ટોબરથી ગોવામાં શરૂ થશે. ભારતની ૨૧ સભ્યોની ટીમનું નેતૃત્વ વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશ કરશે. દર બે વર્ષે યોજાતા FIDE ચેસ વર્લ્ડ કપમાં ૨૦૬ ખેલાડીઓ ભાગ લે છે.

. . . . . . . . .